Published On 18'th date

# SAMAJ AARSI

(Gujarati Monthly)

# સમાજ આરસી

## SHRI ZALAWAD VISHA SHRIMALI STHANAKWASI JAIN SAMAJ - AHMEDABAD

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ - અમદાવાદ


Cont. Issue : 226

OCTOBER - 2023

Price : Rs. 40/-

Issue : 11

Vol. : 19



## દિપોત્સવી અંક







સ્પીડ બ્રેકર... "કંઈક ને કંઈક ખૂબીઓ-ખામીઓ બધામાં હોય જ છે, કોતરણી કરશું તો મૂર્તિ બનશે...ખોદકામ કરશું તો ખાડા મળશે...!!"


SINCE 1997
Navkar Institute
&
Navkar Digital Institute
Classroom Coaching
& Online Video Lectures
CA Foundation
CA Intermediate
CA Final Old and New
All levels of CS Course
US CPA, CMA, UK ACCA
www.navkarinstitute.com
www.navkardigitalinstitute.com
Navkar Public School
&
Navkar Digital School
Grade 9 to 12 - GSEB
Science & Commerce
English & Gujarati Med.
Grade 1 to 12 - GSEB & CBSE
Science & Commerce
English & Gujarati Med.
GET IT ON Google Play
NDI NDS
Download Mobile App
079 69000000 (NI)
079 26304006 (NPS)

## SANGINI HOSPITAL
HOPE LIVES HERE

1ST FLOOR SANTORINI SQUARE, NEAR ABHISHREE COMPLEX,
OPP: STAR BAZAR, SATELLITE, AHMEDABAD
PHONE : 079-40056171 ,7623024024 • EMAIL : drtapansah@gmail.com
WEB :- www.sanginihospital.com

### DR. TAPAN SHAH
(M) 9825739241
OPD TIME: 10 AM TO 1 PM
MONDAY TO SATURDAY

### DR. HARSH MANIAR
(M) 9825724348
OPD TIME: 4 PM TO 7 PM
MONDAY TO FRIDAY

### DR. MAHESH KHAPANDI
(M) 9924755228
ASSOCIATE DOCTORS

- MD INTERNAL MEDICINE
- CONSULTANT PHYSICIAN
- CARDIAC DISEASE AND DIABETES SPECIALIST
- INTENSIVE CARE SPECIALIST
- 2D ECHO, TMT

## Dhyana
NEONATAL CARE

- NEONATOLOGIST AND PAEDIATRICIAN
- INTENSIVE CARE SPECIALIST

### DR. ATISH SHAH
(M) 9824500452
MD (PEDIATRICS), GOLD MEDALIST
Mon.-Fri. : 10:00 AM TO 1:00 PM
4:00 PM TO 7:00 PM
Sat. : 10:00 AM TO 1:00 PM

### DR. CHINTAN RATHOD
(M) 9408179541
ASSOCIATE DOCTORS

### અમારી હોસ્પિટલમાં બાળસખા યોજના-૩
અંતર્ગત નીચે મુજબની બિમારીવાળા બાળકો
(જન્મથી ૨૮ દિવસ સુધી નવજાત શિશુ)
તદ્દન વિનામૂલ્યે સારવાર મેળવી શકશે.




૧. ૧.૫ કિ.ગ્રા.થી ઓછું વજનવાળા બાળકો
૨. જન્મસમયે ન રડેલ બાળકો
૩. મળ પી જવાથી થતો ન્યુમોનિયા
૪. કાચા ફેફસાવાળા બાળકો
૫. લોહીમાં ચેપ
૬. મગજનો ચેપ
૭. સુગર ઓછી થવી
૮. કેલ્શિયમ ઓછું થવું
૯. વધારે સોડિયમ




૩૧૨, સેન્ટોરીની સ્કવેર બિલ્ડીંગ, અભિશ્રી કોમ્પલેક્ષની પાછળ,
સ્ટાર બજારની સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

**SANGINI HOSPITAL PROVIDES STATE OF THE ART PHYSICIAN PLUS PAEDIATRICIAN SERVICES UNDER ONE ROOF TO ITS CLIENTS IN HEART OF THE CITY OF AHMEDABAD, SATELLITE. IT IS WELL EQUIPPED WITH FOLLOWING FACILITIES:**

FULLY EQUIPPED NEONATAL, PEDIATRIC & ADULT ICU • SPECIAL ROOM & SEMI SPECIAL ROOMS • HIGH FREQUENCY VENTILATOR, NON INVASIVE VENTILATORS: CPAP/BIPAP • MULTIPARA MONITORS WITH IBP, SYRINGE PUMPS & INFUSION PUMPS • 2 D ECHO, ECG, TMT, PFT, DEFIBRILLATOR & LABORATORY FACILITIS • SERVO CONTROLLED WARMERS, LED PHOTOTHERAPY, NEBULISERS, HEALTH CHECK UP

**Visiting consultant at Sterling, SAL, HCG, CIMS, Parekhs, Bodyline, Aims Hospitals**



## ડો. હિતૈષી એ. શાહ (BDS)
ડેન્ટલ સર્જન

આર.સી.ટી. (RCT), ફિક્સ દાંત, ચોકઠા અને કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રીના સ્પેશ્યાલિસ્ટ

- દાંત અને પેઢાના રોગોની સારવાર
- ડેન્ટલ ઇમ્પ્લાન્ટની સારવાર
- વધારે સડાવાડા સોજો આવેલા દાંતના મૂળની સારવાર (RCT)
- ફીક્સ દાંત-સોનાના, સીરામીકના અને મેટલના કવરની સારવાર
- ચોકઠા બનાવવાની સારવાર
- પાયોરીયાની સારવાર
- વાંકાચુકા તથા આગળ પડતાં દાંતની સારવાર
- ડહાપણની દાંતની સારવાર
- દાંતની સફાઈ

**નવકાર ડેન્ટલ ક્લિનીક** ૧૦૭, સહજાનંદ પ્લાઝા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૬૮૫૦૦૩૪૫ મો. ૯૮૨૪૩૦૦૫૪૨ સમય : સાંજે ૫-૩૦ થી ૮-૦૦ કલાકે

# Gujarat Pathology Laboratory & Diagnostic Center

ગુજરાત પેથોલોજી લેબોરેટરી એન્ડ ડાયગ્નોસ્ટીક સેન્ટર

- Pathology Laboratory
- Corporate Health Check-up
- Industrial Health Check-up
- Various Body Profiles

**PALDI**
101-102, Span Trade Center, Opp. Kochrab Ashram, Paldi Cross Road, Paldi, Ahmedabad - 380006.
Ph. : 079- 26586480, 26584893, 66314721 Mo. : 8866002931 E-mail : gujaratdiagnostic101@yahoo.in
***(NABL ACCREADITED LABORATORY - ISO 15189:2012 & NABL 112)***
Time : 24 hours

**NARANPURA**
101, Binali Complex, AEC Cross Road, Opp. Torrent Power, Naranpura, Ahmedabad - 380 013.
Ph. : 079 - 27472151, 48482151 Mo. : 9909962251 E-mail : gujaratlab101@gmail.com
Time : 7.00 am to 8.30 pm

**SOUTH BOPAL**
D-270, SoBo Center, Near Arohi Royal Bunglow, B/h. Suncity, Off. S. P. Ring Road, South Bopal
Ahmedabad - 380 058. Email : gujaratpatho@gmail.com Ph. : 02717-402403 Mob. : 8866002930
Time : 8.00 am to 8.00 pm

**GOTA**
220, Centre Point, Opp. Vrundavan Heights, Vandematram City to Savvy Swaraj Road,
Chenpur, Gota, Ahmedabad-382470. Ph. : 079 - 48442151, Mo. 9909962278
Time : 8.00 am to 8.00 pm

**NEW RANIP**
130, First Floor, S.V. Square, Above Star Market, Nr. Savan Bungalows,
Opp. Khodiyar Temple, New Ranip, Ahmedabad. Mo. 9081677997, 9081677998
Time : 8.00 am to 8.00 pm

**ગુજરાત પેથોલોજી લેબોરેટરી અને ડાયગ્નોસ્ટિક સેન્ટર દ્વારા સિનિયર સીટીઝન માટે (૫૮ વર્ષ કે તેથી વધુ) દર મહિના ના પહેલા અને ત્રીજા રવિવારે નીચેના ટેસ્ટ રાહત દરે કરવામાં આવશે**

| TEST | REGULAR PRICE | OFFER PRICE |
|---|---|---|
| FBS/PPBS/RBS (Each) | 80 | 40 |
| CALCIUM | 250 | 130 |
| HBA1C | 600 | 250 |
| LIPID PROFILE | 700 | 300 |
| S. CREATININE | 250 | 100 |
| PSA | 700 | 300 |
| URIC ACID | 250 | 100 |
| URINE MICROALBUMIN | 600 | 250 |
| IRON | 500 | 200 |
| RA FACTOR | 350 | 150 |
| TSH | 250 | 130 |
| T3, T4, TSH | 650 | 300 |
| Free T3 | 300 | 150 |
| Free T4 | 300 | 150 |
| VITAMIN B12 | 900 | 450 |
| VITAMIN D | 1400 | 700 |
| GGT | 550 | 300 |
| PROTEIN TOTAL WITH AG Ratio | 250 | 130 |
| SGPT | 250 | 130 |
| IRON LEVEL | 500 | 250 |
| FERRITIN DRY | 750 | 350 |
| TIBC | 450 | 250 |
| Anti CCP | 1000 | 500 |
| Lipoprotein (a) | 800 | 400 |
| Homocystine Level | 1200 | 600 |
| URINE ANALYSIS | 250 | 130 |

## Covid-19 RT PCR Test

**Home-Hospital Collection**
**Rs. 550-00**

**Laboratory Test**
**Rs. 400-00**

**Home Visit Available**
(Visit Charge Extra)

**બોડી પ્રોફાઇલ સિવાયના અન્ય ટેસ્ટમાં ૨૦% ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.**



**॥ सर्वे सन्तु निरामया: ॥**


# કોઈ પણ પ્રકારના ઓપરેશન કે ટાંકા વગરની આધુનીક સારવાર




**પગમાં થતી વેરિકોઝ વેઇન્સ (ભૂરી ઊપસેલી નસ)ની લેઝર અને ગ્લુ જેવી અદ્યતન ટેક્નોલોજીથી સારવાર**



**વિવિધ પ્રકારના સાંધાના દુખવાની અદ્યતન જાપાનીઝ ટેક્નોલોજી જેનિક્યુલર આર્ટરી એમ્બોલાઈઝેશનથી સારવાર**




**વધારે માસિક સ્ત્રાવ / ગર્ભાશયની સાદી ગાંઠ (Fibroid) ની Uterine Artery Embolization થી સારવાર, જેથી મહદ અંશે ગર્ભાશય બચાવી શકાય છે.**




**પગની લોહીની નસના સંકોચનની (Peripheral vascular disease) અદ્યતન ટેક્નોલોજી એન્જીઓપ્લાસ્ટીથી સારવાર**

## No Stich | No Cut | Early return to normal activity

**સવારે ૧૦ થી ૧ કલાકે**

**ડૉ. રોઝીલ ગાંધી**

**શુશ્રુત હોસ્પિટલ,**
બાદશાહ ડેરી નજીક, મહાલક્ષ્મી પાંચ રસ્તા,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો
૯૩૧૩૯૮૧૭૪૧
૦૭૯૨૬૬૦૫૦૫

**ડૉ.જયેશ ગાંધી**
MS (સર્જન)
દર શુક્ર | શનિ ( By Appointment Only)
**એવરોન હોસ્પિટલ**
સરદારના બાવલા પાસે, નારણપુરા
સંપર્ક : ૯૪૨૬૪૪૩૬૪૧

**ડૉ. ચૈતી ગાંધી**
MS, DNB (Gastro)
સંપર્ક : ૯૩૧૩૯૮૧૭૪૧ , ૦૭૯૨૬૬૦૫૦૫
( By Appointment Only)

## અનુક્રમણિકા


૧. તંત્રીની કલમે ........ ૦૯
૨. પ્રમુખ સ્થાનેથી ........ ૧૦
૩. સમાજ સમાચાર ........ ૧૧
૪. જન્મદિવસની હાર્દિક શુભેચ્છા ........ ૧૩
૫. સોશ્યલ મિડિયા સેફટી ટીપ્સનો અહેવાલ ........ ૧૬
૬. લગ્નદિવસની હાર્દિક શુભેચ્છા ........ ૧૮
૭. દ્વિતિય ઈનામ વિતરણ સમારોહ તથા તપસ્વી અભિવાદન સમારોહનો અહેવાલ ........ ૨૫
૮. તપસ્યા કરનાર તપસ્વીઓની વિગત ........ ૩૦
૯. શૈક્ષણિક ઈનામો-૨૦૨૨-૨૩ ........ ૩૨
૧૦. સુંદરવન, ગોંડલ નરેશની નિખાલસતા ........ ૩૬
૧૧. બધો લાભ મને જ આપો, વિરોધનો વિરોધ કદી નહીં કરવો ........ ૩૭
૧૨. વેલકમ શરદ ........ ૩૮
૧૩. ધન કરતા જ્ઞાન ચડીયાતું, જીવનમાં બદલાવ ........ ૩૯
૧૪. શૈતાનની દોરવણી, મા નું શ્રાદ્ધ ........ ૪૦



**સંપાદક મંડળ**

શ્રીમતી પ્રીતિ એન. શાહ - તંત્રી
ડૉ. નિલેશભાઈ પી. સંઘવી
શ્રી ચેતન આર. શાહ - સહતંત્રી
શ્રી ઉમેશભાઈ એન. દોશી

**મુદ્રક અને પ્રકાશક**

શ્રી અજય નગીનદાસ દોશી
શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**તંત્રી**

શ્રીમતી પ્રીતિ એન. શાહ

**મુદ્રણ સ્થાન**

જય ઓફસેટ (ગુજરાત) પ્રા. લી.
૧૫, પંચરત્ન ઇન્ડ. એસ્ટેટ, સરખેજ બાવળા હાઈવે,
ચાંગોદર, અમદાવાદ-૩૮૨૨૧૩.

**માલિક**

શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**પ્રકાશન સ્થળ**

"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦ મો. ૮૨૩૮૦ ૫૫૫૭૫
E-mail : info@szvsjainsamaj.org • Web Site : www.szvsjainsamaj.org



આ માસિક પત્રિકામાં પ્રસિદ્ધ થતાં લેખોમાં દર્શાવેલ વિચારો તથા મંતવ્યો લેખકના પોતાના અને અંગત છે. તે અંગેની સમાજની કે સમાજના હોદ્દેદારોની કોઇ જવાબદારી રહેતી નથી.



**વાર્ષિક લવાજમ**

અન્યને માટે રૂ. ૪૦૦/- • છૂટક ૧ નકલની કિંમત રૂ. ૪૦-૦૦





## સમાજના સર્વે કમિટી સભ્યો તથા સ્ટાફ વતી સૌને નૂતન વર્ષાભિનંદન...

આ નૂતન વર્ષે આપનું જીવન સદ્‌ગુણોરૂપી શિલ્પથી સુઘડ અને સુશોભિત બનો ! આ નૂતન વર્ષે આપનું જીવન પવિત્ર, રસમય, પ્રેમમય, પ્રમાણિક અને પ્રકાશમય બની રહો ! આ નૂતન વર્ષે આપના જીવન રૂપી ઉદધિમાં સદા આનંદરૂપી મોજા ઊછળતાં રહો ! આ નૂતન વર્ષે આપની જીવનસફર પરમકૃપાળુ પરમાત્મા સરળ અને સફળ બનાવે ! આ નૂતન વર્ષે પરમાત્મા આપની જીવનનૈયા સંસાર સાગરથી પાર ઉતારે ! આ નૂતન વર્ષે કુટુંબમાં તેમજ સમાજમાં પરસ્પર પ્રેમ, સંપ, ઐક્ય અને આનંદ વૃદ્ધિ પામો. !

પોતાના એક પણ દૂષણ વિશે માણસ સભાન ન હોય તે મોટામાં મોટું દૂષણ છે.

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થા. જૈન સમાજ આયોજિત તેમજ ZPL ઇવેન્ટ ગ્રુપ સંચાલિત ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૪ (ZPL-8)

# "સમ્યક કપ"

**શ્રીમતી ભદ્રાબેન જસવંતલાલ સંઘવી (ધોલેરાવાળા)**
**હસ્તે અપૂર્વકુમાર જસવંતલાલ સંઘવી (SAMYAK)**

**મિત્રો સમાજને આ ક્રિકેટ ટુર્નામેન્ટ સફળ બનાવવા માટે વધુ ડોનેશન / સ્પોન્સરશીપ આવકાર્ય છે.**

### ZPL-8 માટે નીચે મુજબની સ્પોન્સરશીપ આવકાર્ય છે.

| નં. | સ્પોન્સરશીપની વિગત | જરૂરી સંખ્યા | રકમ રુ. |
|---|---|---|---|
| ૧. | જમણવારના દાતા | ૧ | રૂા. ૩૧,૦૦૦/- |
| ૨. | રીફ્રેશમેન્ટ પાર્ટનર પ્રતિ દિવસ (જોઇન્ટ નામ લખાવી શકાય છે.) | ૪ | રૂા. ૫,૦૦૦/- |
| ૩. | ZPL જુનીયર પ્રાઇઝ ડીસ્ટ્રીબ્યુશન પાર્ટનર | ૧ | રૂા. ૭,૫૦૦/- |
| ૪. | ટીમ લોગો પાર્ટનર (પ્રતિ ટીમ) | ૭ | રૂા. ૨૫૦૦/- |

ઉપરોક્ત સ્પોન્સરશીપ આપશ્રી ઋષભભાઇ સંઘવી (મો) ૯૩૭૬૧ ૨૮૪૩૫ ઉપર અથવા તો સમાજની ઓફિસ ફોન નં. ૨૬૪૨ ૫૬૭૦ અથવા (મો) ૮૨૩૮૦ ૫૫૫૭૫ ઉપર કન્ફર્મ કરાવી શકશો. - ZPL ઇવેન્ટ ગ્રુપ

## સમાજના સભ્યો જોગ

### ૧૩મી રક્તદાન શિબિર તા. ૨૬-૦૧-૨૦૨૪, શુક્રવાર
### રક્તદાન શિબિર માટે તૈયાર રહેવા અપીલ

આપણા સમાજ દ્વારા દર વર્ષે ૨૬મી જાન્યુઆરીએ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૨૬-૦૧-૨૦૨૪ ને શુક્રવારના રોજ સવારે ૮-૩૦ થી ૧-૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. તો આપને તથા આપના સગાં-સ્નેહી, મિત્રોને રક્તદાનમાં સહયોગ આપવા સમાજ વતી વિનંતી કરવામાં આવે છે. આપ આપના સગાં-સ્નેહી, મિત્રો જે રક્તદાન કરવા ઇચ્છતાં હોય તેઓ નીચે જણાવેલ સમાજની ઓફિસના નંબર ઉપર નામ લખાવવા વિનંતી છે. વધુ વિગત હવે પછી જણાવવામાં આવશે.

આપ દર ત્રણ મહિને એક વખત બ્લડ ડોનેટ કરી શકો છો તેથી સમાજના આ ઉમદા કાર્યમાં સહયોગ માટે અત્યારથી જ તૈયાર થવા વિનંતી. સમાજની ઓફિસ : ટે. નં. ૨૬૪૨૫૬૭૦ (મો) ૮૨૩૮૦ ૫૫૫૭૫

ચેતન આર. શાહ (માનદ્ મંત્રી)




## For Students wants to go USA / Canada

Jai Jinendra,

Do You Know That Approximately 1,000 Jain Students Travel To The USA And Canada Each Year To Further Their Education? JAINA Has Created A JAINA Students Guidance Committee In The USA And Canada To Assist These Students, Especially In The Beginning Of Their Journey.

This Initiative Will Help Students To Get Connected With Our Community Right From The Start And Will Help Them Preserve Jain Values And Traditions. For More Details And Information You Can Contact Us. Jaina Students Guidance Committee

Kintan S. Gandhi - Co-ordinator
(M) 98252 05539

Umesh N. Doshi - Committee Member
Jaina Students Guidance Committee Advisor
M. : 98250 37031



તમે નહીં ખર્ચેલા પૈસાના તમે ચોકીદાર માત્ર છો, માલિક નહીં.



# તંત્રીની કલમે

- પ્રીતિ એન. શાહ

૨ ઓક્ટોબર, વિશ્વ અહિંસા દિવસ. મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ. આપણે માત્ર એટલું જાણીએ કે સત્ય અને અહિંસાનાં શસ્ત્રો દ્વારા આપણને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવ્યા. ગુલામીથી આઝાદી સુધીની એ યાત્રા, એ સંઘર્ષ કેટલા કઠીન હતા તેમજ સત્ય અને અહિંસાને વળગી રહેવા બાપૂએ કેટલા સંબંધોની કુરબાની આપી હશે, એમની એક હાકલથી આટલા લોકો- યુવાનો, વૃધ્ધો અને સ્ત્રીઓ દેશ માટે બલિદાન આપવા કેવા તત્પર થઇ જાય આ બધી વાતોને જાણવા આઝાદીનો ઈતિહાસ અને ‘સત્યના પ્રયોગો’ જરૂરથી વાંચવા જોઈએ. ક્યારેક સમય મળે તો એમનું દરેક ધર્મ માટેનું દર્શન, વિચારો, એમના આશ્રમ જીવનના સંસ્મરણો, ફીનીક્ષ આશ્રમ અને સાઉથ આફ્રિકાની વાતો બહુ જ રસપ્રદ તો છે જ સાથે સાથે એટલી જ પ્રેરણાદાયી પણ છે. જૈન ધર્મમાં પ્રરુપેલી અહિંસાએ એમના અહિંસાના વિચારોને દ્રઢ બનાવ્યા હતા. એમણે જે ભારતનું સ્વપ્ન જોયું હતું તે સાકારતો નથી થયું પણ એમના જન્મદિને આપણે એમણે અપાવેલી મહામુલી આઝાદીની કદર કરવી અને એનું ગૌરવ જાળવવા પ્રયત્ન કરવો જોઈએ

૨ ઓક્ટોબર બીજા એક એવા મહાન વિભૂતિની જન્મજયંતી છે કે જેમનું શારીરિક કદ ભલે નાનું હતું પણ એમની મહાનતા, નૈતિકતામાં એમના કદની બરાબરી કરી શકે એવી વ્યક્તિઓ બહુ જવલ્લે જ મળી શકે. વાત થઇ રહી છે આપણા ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રીની. એમનું જીવન સાદગીનો પર્યાય હતા. ઈ.સ. ૧૯૬૨માં તેઓ અખિલ ભારતીય કોંગ્રેસના મહાસચિવ હતા. તેમનું અધિવેશન કાશ્મીરમાં હતું. ત્યાં જવાની એ એટલા માટે ના પડતા હતા કે કાશ્મીરની ઠંડીને રોકવા એમની પાસે યોગ્ય ગરમ કોટ ન હતો. પંડિત જવાહરલાલ નહેરુને આની જાણ થતા એમને પોતાનો કોટ લાલબહાદુરજીને આપ્યો. આ કોટ તેમજ એમની સાદગીના પ્રતિક સમી બહુ જ સામાન્ય અમુક વસ્તુઓ દિલ્હી જનપથ સ્થિત મ્યુઝીયમમાં સચવાયેલી છે.

દેશ માટે પોતાનું જીવન ખર્ચી નાખનાર આવા મહામાનવોને કોટી કોટી પ્રણામ .

૯ ઓક્ટોબરે વર્લ્ડ પોસ્ટ ડે અથવા વર્લ્ડ પોસ્ટ ઓફીસ ડે ઉજવાઈ ગયો. પણ આપણે એની નોંધ સુધ્ધા લીધી નહીં. કારણ કે ટ એટલે ટપાલીનો ટ ભૂલાઇ ગયો છે. આજના બાળકોએ દિવાળી કાર્ડ કે દિવાળીના પોસ્ટ કાર્ડ જોયા પણ નહીં હોય. આપણે ત્યાં શુભ અવસર હોય ત્યારે આપણે કંકોત્રી મોકલતા પહેલા ટપાલથી જાણ કરતા અને લખતા કે કંકોત્રી મળતા વાર લાગે તો આને કંકોત્રી મળ્યા તુલ્ય ગણીને આમંત્રણનો સ્વીકાર કરશોજી. કોઈનું મૃત્યુ થાય તો દીલસોજીનો પત્ર પણ લખતા અને આ વાક્ય મને નાનપણ થી યાદ છે. ‘પાંચમો આરો કઠણ છે. ધર્મ કરશે એ તરશે. “ ત્યારે સમજાતું નહોતું અને નાની હતી એટલે કોઈ સમજાવતું પણ નહોતું. રાજાઓના સમયમાં કબૂતરના પગે ચિઠ્ઠી બાંધીને સંદેશાઓ મોકલતા કે દૂતો દ્વારા મોકલવામાં આવતા. હિંદુ સંસ્કૃતિમાં પહેલો પત્ર રુમાાણીએ કૃષ્ણને લખ્યો હતો એમ માનવામાં આવે છે. સૌ પ્રથમ પર્શિયાના રાજા સાયરસે સંદેશ પહોચાડવા ઘોડા દ્વારા ટપાલ વ્યવસ્થા ચાલુ કરી.

ઈ.સ, ૧૮૫૪માં લોર્ડ ડેલહાઉસીએ ભારતમાં અધિકારીક રીતે પોસ્ટ ઓફિસની સ્થાપના કરી. ઈ.સ, ૧૮૬૧મા જયારે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતની સત્તા બ્રિટીશ તાજને સોપી ત્યારે ભારતમાં ૨૩ સર્કલમાં વહેચાયેલી પોસ્ટલ સેવાઓ હતી. તે વખતે ૪.૩ કરોડ પત્ર વ્યહવારો અને ૪૫ લાખ અખબારોનું સંચાલન પોસ્ટલ વિભાગો દ્વારા થતું. ભારતમાં દુનિયાનું સૌથી મોટું પોસ્ટલ નેટવર્ક છે. ભારત આઝાદ થયો ત્યારે ૨૩ ૩૪૪ પોસ્ટ ઓફિસ કાર્યરત હતી. હાલમાં ભારતમાં ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસ કાર્યરત છે. હિમાચલ પ્રદેશના સિક્કીમમાં ૬૪૫૬૭ હજાર ફૂટની ઉંચાઈએ આવેલ પોસ્ટ ઓફિસ દુનિયાની સૌથી ઊંચાઈએ આવેલી પોસ્ટ ઓફિસ છે. ટપાલ વિતરણની કામગીરી સરળ બને એ માટે પોસ્ટલ ઝોન અને પીનકોડ દાખલ કરવામાં આવ્યા. (માહિતી સ્ત્રોત : રવિ ઈલા ભટ્ટ)

૧૫ ઓગસ્ટ ૧૯૪૭માં પોસ્ટ કાર્ડ ઉપર જય હિંદનો ખાસ સિક્કો મારવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૮૯૯ ની આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં શ્રી વીરચંદ ગાંધીએ સમગ્ર એશિયાના પ્રતિનિધિ તરીકે હાજરી આપી અને આપણી પોસ્ટલ પદ્ધતિ સુધારવા, વિસ્તૃત કરવા અને વિકાસ કરવા સૂચનો કર્યા હતા.

એક ૧૫ પૈસાના પોસ્ટ કાર્ડમાં ઠલવાયેલી લાગણીઓ ક્યાંક હર્ષના તો ક્યાંક દુખના આંસુ બનીને વહેતી. કોઈ ઘરડી આંખો વિદેશમાં વસતા સંતાનોના સમાચારની રાહ જોતી કે કોઈ પત્ની કમાવા ગયેલા પતિના પત્રની, કોઈ પેન્સનની કે કોઈ પ્રમોશનની રાહ જોતું હોય. સંદેશો લઈને આવતા ટપાલીને જોઇને સહુને એ થેલામાંથી આપણી ટપાલ કાઢે છે કે નહી એમ આતુરતાથી જોતા. આજે પણ કોઈનો પાસપોર્ટ આવે ત્યારે ટપાલી વધામણા માટે ઉભો રહે છે.

આપ સહુને એક પ્રશ્ન કે તમે છેલ્લો કાગળ કોને લખ્યો હતો ? શક્ય હોય તો સ્વજનોને ક્યારેક ટપાલ લખજો કેમકે તમારા અક્ષરોથી તમારા સ્વજન તમારી લાગણી સ્પર્શી શકશે.

અંતમાં પંક્તિઓના રચયિતાનું નામ ખબર નથી પડી એટલે એમની ક્ષમાયાચના સાથે લેખને વિરામ આપું છું

એક સરળ સ્વભાવનો ટપાલી, જાદુ કરે છે મહાન
એક જ થેલામાં ભરે છે આંસુ અને મુસ્કાન ....!!!


**નુતન વર્ષાભિનંદન**

M. : 8141199064 priti_narendra@yahoo.co.in



બે માણસો વચ્ચેનું ઓછામાં
ઓછું અંતર એટલે હાસ્ય

# પ્રમુખસ્થાનેથી



ડૉ. નિલેશ પ્રવિણચંદ્ર સંઘવી

## ધાર્મિક તહેવારો અને પર્યાવરણ

ભારત ધાર્મિક તહેવારોનો દેશ છે તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. સમગ્ર વર્ષ દરમ્યાન અંદાજીત ૬૦ થી ૭૦ અલગ અલગ ધર્મોના તહેવારો આવે છે. પોતાના ધર્મના તહેવારો અને અન્ય ધર્મના તહેવારો પણ જો મનગમતો આનંદ આપે તો એને પણ ઉજવવામાં ઉત્સાહ જોવા મળે છે. ગણેશ ચતુર્થી અને નવરાત્રિ એનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે. ધર્મ અને તહેવારોને અલગ કરી તપાસવા શક્ય નથી.

તહેવારોથી ખરેખર તો સમાજનો વિકાસ અને કલ્યાણ થાય પરંતુ હવે ક્ષણિક આનંદ અને દેખાદેખી કે ફરજના ભાગરૂપે ઉજવાતો હોય તેવુ વધુ પ્રતિત થાય છે. તહેવારોની ઉજવણીમાં લોકહિત માટેનો વિચાર નબળો પડતો જાય છે. વળી માનવીય મૂલ્યો પણ ભૂલાતા જતાં દેખાય છે.

સમય સાથે તહેવારો ઉજવવાનું સ્વરૂપ તથા ભાવ બદલાતા ગયા. વર્તમાન સમયમાં તહેવારો પાછળ સમય, નાણાં તેમજ ઉર્જાનો વ્યય થતો દેખાય છે જે ભવિષ્યના સમાજ માટે ચિંતાનો વિષય બનતો જાય છે. તહેવારોની ઉજવણીના બદલાતા સ્વરૂપને લીધે સમાજ ઉપર થતી નકારાત્મક અસરો ચિંતાજનક છે કેમ કે આ અસરો સમાજની પ્રવૃત્તિ અને સંતુલનને ખોરનારી છે. આ અસરો મુખ્યત્વે બે પ્રકારની કહી શકાય, સામાજીક અને પર્યાવરણ અંગે

પર્યાવરણ શબ્દ "પરિ" અને "આવરણ" બે શબ્દોનો બનેલો છે. પરિ એટલે ચારે તરફનું અને આવરણ એટલે આચ્છાદન એટલે કે માનવીની આસપાસ રહેલી સૃષ્ટિને પર્યાવરણ કહે છે. પર્યાવરણના ઘટકો તો આપણે જાણીએ છીએ. માનવી અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ સ્પર્ધા અને સરસાઈનો નથી પરંતુ વાત્સલ્ય અને ભક્તિભાવનો છે. એટલે પર્યાવરણની જાળવણી માનવીનો ધર્મ છે. વર્તમાન ઉજવણીની પદ્ધતિમાં આધુનિકતા આવીને પાછો છૂપો વેપારની માનસીકતા ઉમેરતા જીવસૃષ્ટિ, સમાજ અને પર્યાવરણીય ઈકો સીસ્ટમ ઉપર નકારાત્મક અસરો પડી રહી છે જે અંગે જાગૃત થવું જરૂરી છે. એ સમજવા એક ઉદાહરણ લઈએ. પહેલા ગણેશ ચતુર્થી ફક્ત મહારાષ્ટ્રમાં ઉજવાતો એ પણ આખા ગામ, મહોલ્લામાં એક માટીની મૂર્તિનું પૂજન થતું ને પછી તેનું વિસર્જન થતું. લાઉડસ્પીકરો નહોતા વપરાતા, પ્રચાર થતો નહીં, સૌ સ્વયંભુ ઉજવણી કરતા, પૈસાનો ખર્ચ નહોતો એટલે બળજબરી પણ કરવી પડતી નહોતી. જ્યારે હવે ઘરે ઘરે, સોસાયટી તથા વેપાર ધંધાના સ્થળે બાજુબાજુમાં પણ અલગ અલગ ઉજવાય છે, એમાં વેપારની માનસિકતા ધરાવનાર લોકો આગેવાન બની જાય છે. જૈન સહિત અન્ય કોમો પણ ઉત્સાહથી ઉજવે છે. સગાવ્હાલાઓને આમંત્રણો અપાય છે. મૂર્તિઓ પ્લાસ્ટર ઓફ પેરીસથી બનવા લાગી. મૂર્તિની સાઈઝ, આકાર તથા પરિવેશની ચર્ચાઓ થવા લાગી, લાઉડ સ્પીકરોથી ઘોંઘાટ શરૂ થઈ ગયા. (વગાડનાર સાંભળનાર નથી) તેથી બીમાર, વૃદ્ધો તથા વિદ્યાર્થીઓને પારાવાર મુશ્કેલી પડવા લાગી છે. રસ્તાઓ બ્લોક થવા લાગ્યા અને જાહેરાતો થવા લાગી એટલે સરવાળે ઉજવણી પાછળ સુક્ષ્મ તથા મોટા વેપારી હેતુને પ્રતિષ્ઠાની ઝલક વધુ જોવા મળે છે. પર્યાવરણને પારાવાર નુકશાન થાય છે. ફક્ત ક્ષણિક આનંદ મેળવે છે પણ સાત્વિક આનંદ જૂજ લોકો મેળવે છે. નવરાત્રી દરમ્યાન તો સામાજિક મૂલ્યો, ભક્તિભાવ તથા પર્યાવરણનો ધ્વંશ મોટા પાયે થઈ ગયો છે અને કમનસીબે સમાજ એને સાહજીકતાથી સ્વીકારી રહ્યો છે, તે અતિગંભીર બાબત છે.

ધ્વનિ પ્રદૂષણ, નદી-નાળા, તળાવોનું પ્રદુષણ તથા હવાનું પ્રદુષણ ના થાય તે રીતે તહેવારોને ઉજવવાનું કેમ શીખી ન શકીએ અને એ રીતે સાત્વિક આનંદ મેળવી ન શકાય તે પ્રશ્નો સૌએ વિચારવો જ રહ્યો. સમય, નાણાં તથા ઉર્જાનો વ્યય ના થાય, પર્યાવરણની જાળવણી થતી રહે અને તહેવારોના યર્થાર્થ સંદેશા માનવીને મળ્યા કરે જેથી સમાજ પર હકારાત્મક અસરો મળતી રહે ને માનવીનો સર્વાંગી ઉત્કર્ષ થાય તો જ તહેવારોની પ્રાસંગિકતા રહેશે નહીં તો સમય જતાં ન પર્યાવરણ બચશે અને ન તો તહેવારો ઉજવવા માણસ સ્વસ્થ રહેશે. પર્યાવરણ સ્વચ્છ અને સ્વસ્થ તો માણસ પણ સ્વસ્થ અને તંદુરસ્ત રહે તે ક્યારે સમજાશે.

તહેવારોની ઉજવણીમાં દેખાદેખી ને અંધશ્રદ્ધાએ પણ ભાગ ભજવ્યો છે. જો સમાજ પર નકારાત્મક અસરો થશે તો અપરાધો પણ જન્મ લેશે જે એક મોટી સામાજિક સમસ્યા બની રહેશે.

હાલમાં સોશ્યલ મિડિયા દ્વારા વિવિધ પ્રકારે હિન્દુ તહેવારોની ઉજવણીમાં પર્યાવરણને નુકશાનની વાતો કેમ ? એ પ્રકારે સતત મેસેજનો મારો ચલાવી સમાજમાં ધર્મ ધર્મ વચ્ચે ભેદ પાડવાની રાજકીય ચાલ સતત થઈ રહી હોય તેવું લાગે છે. કોઈપણ ધર્મ હોય જો તે ધર્મના તહેવારો સમયની સાથે પર્યાવરણની જાળવણી નહીં કરે તો છેવટે માનવજાતનું નિકંદન નીકળ્યા વગર રહેશે નહીં એ વાત તમામ સમાજે સમજવી જ જોઈએ. પર્યાવરણને નુકશાન ના થાય તે રીતે ઉજવવા કોઈ ધાર્મિક અડચણ છે જ નહીં પરંતુ ખરો ધર્મ જ પર્યાવરણની રક્ષા છે. આપણા જૈન ધર્મમાં સૂક્ષ્મતમ સમજ આ વિશે છે.

તહેવારો પાછળ ખર્ચ તો થવાનો પણ તેમાં ફક્ત ભારતીય અર્થતંત્ર મજબુત બને એ રીતે પૈસાનો ઉપયોગ થાય તે જોવો જરૂરી છે. દેખાદેખીમાં વિદેશી વસ્તુઓ ખાસ કરીને ચીનથી આયાત કરેલી વસ્તુઓ બને ત્યાં સુધી ન વાપરવી એવી પ્રતિજ્ઞા જરૂર લેવી. આપણા દેશમાં હજુપણ શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે લોકોને મદદની જરૂર પડે છે એવા સંજોગોમાં જો એક વર્ષ ધાર્મિક ઉત્સવો પાછળ થતો ખર્ચ જો આવા કામોમાં વાપરીએ તો પણ એ ઉત્તમ ઉજવણી કહેવાશે. ધર્મ ફક્ત હૃદયમાં ધારણ કરવાનો છે માટે ઉજવણી પણ અંદર જ થવી જોઈએ. ભારતીય સમાજની રૂંધાયેલ પ્રગતિ માટે ધાર્મિક તહેવારોનો બદલતો પરિપ્રેક્ષ્ય જવાબદાર છે એવું ઘણા સમાજશાસ્ત્રીઓનું ચિંતન છે. આવનારા વર્ષોમાં કદાચ તહેવારોનું સમાજશાસ્ત્ર અને પર્યાવરણશાસ્ત્ર એવા વિષયો પર સ્નાતક અને અનુસ્નાતકના કોર્ષ ચાલુ થાય તો નવાઈ નહીં.

વૈશ્વિક સમાજમાં ભારતીય સમાજને વિકસીત સ્થાપિત કરવા માટે ધર્મનો સાચો ખ્યાલ જે ગાંધીજી, સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરૂષો કરી ગયાં જેમાં સમાજના નબળા વર્ગની સેવાને પ્રાથમિકતા આપી છે તે દિશામાં કાર્ય કરવા તહેવારોની ઉજવણી સાથે લોકોને પ્રેરણા આપવી જોઈએ. તહેવારોની ઉજવણીમાં સાદગીનો પાયો નાંખવો જોઈએ અને પર્યાવરણના ભોગે કોઈ ઉજવણી થાય નહીં તે છતાંય તહેવારોનું મહત્વ જળવાઈ રહે અને માનવીમાં ધર્મનું સિંચન થાય ને સમાજનો ઉત્કર્ષ થતો રહે એ રીતે નવેસરથી વિચારવાનો અને અમલમાં મૂકવાનો સમય આવી ગયો છે. ભવિષ્યનો સમાજ પોતાની મૂળભૂત પાયાગત જરૂરિયાતોથી વંચિત રહી જશે તો અનેક સમસ્યોઓ ઉભી થશે. સમજાય તો સારૂં ને રખે મોડું થાય.

તહેવારોની ઉજવણી અને ઉલ્લાસને ઓછો કરવાની વાત નથી પરંતુ એમાં સેવા, સાદગી અને સાત્વિક આનંદ સાથે સમાજ વિકાસની ભાવનાને મહત્વ આપવાની વાત છે. સાથે સાથે બાહ્ય પર્યાવરણ તથા આંતરિક પર્યાવરણ બંને વચે સંતુલનની વાત છે.

સૌને નવરાત્રિ તથા દિવાળીના તહેવારોની ખૂબ ખૂબ શુભેચ્છાઓ....

**"WE DON'T HAVE SOCIETY, IF WE DESTROY THE ENVIORNMENT"**



બીજાની ભૂલ માફ કરવી સહેલી છે પરંતુ આપણી ભૂલ કાઢનારાઓને માફ કરવા મુશ્કેલ છે.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૯-૨૦૨૩ થી તા. ૩૦-૦૯-૨૦૨૩ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| | એક સદ્‌ગૃહસ્થ તરફથી (માનવરાહત ફંડ ખાતે)<br>૬૪૯૨ થી ૬૪૯૬, ૬૫૨૨ થી ૬૫૨૬, ૬૫૪૩ થી ૬૫૪૭, ૬૫૪૯ થી ૬૫૫૩ | ૫૬,૦૦૦/- |
| ૬૫૦૨ | ઈન્ફાસોલ ટેકસર્વ પ્રા.લી. : નમન અશોકભાઈ સંઘવી, ઋજલ અતુલભાઈ સંઘવી - ZPL-8 (૨૦૨૪)<br>ક્રિકેટ ટુર્નામેન્ટ ગોલ્ડન લાયન ટીમની ઓનર શીપ પેટે (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨૭,૦૦૦/- |
| ૬૫૬૪ | સ્વ. કુમુદબેન ભરતભાઈ સંઘવી પરિવાર તરફથી (માનવરાહત ફંડ ખાતે) | ૨૫,૦૦૧/- |
| ૬૫૩૮ અને ૬૫૩૯ | નયનાબેન નરેન્દ્રભાઈ દોશી, વિપલબેન પારસભાઈ દોશી - સાધર્મિક ૧૭ બહેનોને આર્થિક સહાય - સપ્ટેમ્બર : ૨૦૨૩ (માનવરાહત ફંડ ખાતે) | ૧૭,૦૦૦/- |
| ૬૪૯૧ | હેમલભાઈ ચંન્દ્રકાંતભાઈ શાહ - સ્વ. ચંદ્રકાન્તભાઈ રણછલાલ શાહનાં સ્મરણાર્થે -<br>હ. દિનાબેન ચંદ્રકાન્તભાઈ શાહ પરિવાર - સંઘ શેષ સહાયક દાતા - વર્ષ : ૨૦૨૩ (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૬૫૧૭ અને ૬૫૧૮ | ડૉ. હર્ષદભાઈ પ્રભુદાસ શાહ, વિશાલ હર્ષદભાઈ શાહ - સ્વ. આશાબેન હર્ષદભાઈ શાહનાં સ્મરણાર્થે -<br>સંઘશેષ સહાયક દાતા - વર્ષ : ૨૦૨૩ (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૬૫૨૭ અને ૬૫૨૮ | માતુશ્રી વસુમતીબેન હસમુખલાલ શાહ (નાથાભવાન) ના સ્મણાર્થે : હ. શ્રુતિબેન સમીરભાઈ શાહ,<br>રેખાબેન ચેતનભાઈ શાહ - સંઘશેષ સહાયક દાતા - વર્ષ : ૨૦૨૩ (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૬૫૧૩ | અશ્વિનભાઈ ચંદુલાલ શાહ (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ વિકાસ ફંડ ખાતે)<br>(વર્ષ : ૨૦૨૩-૨૪) તથા ચંદુલાલ અબજીભાઈ શાહ, કેવળીબેન ચંદુલાલ શાહ - ફોટા : ૨<br>એજ્યુકેશન નોટબુક (વર્ષ : ૨૦૨૩) (શૈક્ષણિક સહાય ખાતે) | ૧૩,૦૦૦/- |
| ૬૫૨૯ અને ૬૫૩૦ | ધવલ યતિનભાઈ સંઘવી - ZPL-8 (૨૦૨૪), ક્રિકેટ ટુર્નામેન્ટ - ગ્રે પેન્થર્સ ટીમની ઓનર શીપ પેટે<br>(એક્ટિવિટી ફંડ ખાતે) | ૧૩,૦૦૦/- |
| ૬૫૩૧ અને ૬૫૩૨ | રવિ જીતેન્દ્રભાઈ શાહ - ZPL-8 (૨૦૨૪), ક્રિકેટ ટુર્નામેન્ટ - ગ્રે પેન્થર્સ ટીમની ઓનર શીપ પેટે<br>(એક્ટિવિટી ફંડ ખાતે) | ૧૩,૦૦૦/- |
| ૬૫૧૫ | સ્વ. જસવંતીબેન ધીરજલાલ શાહ (સખીદાસ), અલ્કેશભાઈ ધીરજલાલ શાહ (માનવરાહત ખાતે રૂા. ૫,૦૦૦/-<br>તથા તપસ્વી અભિવાદન ખાતે રૂા. ૫,૦૦૦/-) | ૧૦,૦૦૦/- |
| ૬૫૫૮ | રાજનભાઈ કાંતિલાલ સંઘવી (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ વિકાસ ફંડ ખાતે)<br>(વર્ષ ૨૦૨૩-૨૪) | ૧૦,૦૦૦/- |
| ૬૫૬૩ | કિર્તિકુમાર મહાસુખલાલ શેઠ (માનવરાહત ફંડ ખાતે) (વર્ષ ૨૦૨૩-૨૪) | ૧૦,૦૦૦/- |
| ૬૫૭૦ | નવિનભાઈ નાનચંદભાઈ સંઘવી (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ વિકાસ ફંડ ખાતે)<br>(વર્ષ : ૨૦૨૩-૨૪) | ૧૦,૦૦૦/- |
| ૬૫૭૪ | ડૉ. યશોધરભાઈ ચુનીલાલ શાહ (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ વિકાસ ફંડ ખાતે)<br>(વર્ષ : ૨૦૨૩-૨૪) | ૧૦,૦૦૦/- |
| ૬૫૬૫ | રવિ જે. શાહ, જે. એન. શાહ - ZPL જુનિયર - કો. સ્પોન્સર (એક્ટિવિટી ફંડ ખાતે) | ૮,૦૦૦/- |
| ૬૫૫૯ | રાજનભાઈ કાંતિલાલ સંઘવી (માનવરાહત ફંડ ખાતે) | ૫,૦૦૦/- |
| ૬૫૬૦ | અસ્મિતાબેન રાજનભાઈ સંઘવી (માનવરાહત ફંડ ખાતે) | ૫,૦૦૦/- |
| ૬૫૬૧ | શ્વેતાબેન વિશાલભાઈ સંઘવી (માનવરાહત ફંડ ખાતે) | ૫,૦૦૦/- |
| ૬૫૬૬ | રંજનબેન સૂર્યકાન્તભાઈ સંઘવી (માનવરાહત ફંડ ખાતે) | ૫,૦૦૦/- |
| ૬૫૨૧ | પાર્થિવ હિતેન્દ્રભાઈ સલોત - સાધર્મિક સહાય પેટે - ડિસેમ્બર : ૨૦૨૨ થી એપ્રિલ : ૨૦૨૩ સુધી<br>(માનવરાહત ફંડ ખાતે) | ૪,૫૦૦/- |



ક્રોધ ઉપર પ્રેમથી, પાપ ઉપર પુણ્યથી, લોભ ઉપર દાનથી,
અસત્ય ઉપર સત્યથી જીત મેળવો. - ગૌતમ બુદ્ધ

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૯-૨૦૨૩ થી તા. ૩૦-૦૯-૨૦૨૩ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૬૫૧૬ | હિતેશભાઈ ધીરજલાલ શાહ (માનવરાહત ફંડ ખાતે) | ૩,૫૦૦/- |
| ૬૪૯૯ | વંદિત પરિમલ શાહ - સાધર્મિક સહાય પેટે - માર્ચ ૨૦૨૩ થી ઓગષ્ટ : ૨૦૨૩ સુધી (માનવરાહત ફંડ ખાતે) | ૩,૦૦૦/- |
| ૬૫૨૦ | અમિતભાઈ નગીનદાસ ગાંધી - નગીનદાસ શીવલાલ ગાંધી, કોકિલાબેન નગીનદાસ ગાંધી - ફોટા : ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૩ (શૈક્ષણિક સહાય ખાતે) | ૩,૦૦૦/- |
| ૬૫૪૮ | એક સદગૃહસ્થ તરફથી (માનવરાહત ફંડ - શૈક્ષણિક સહાય ખાતે) | ૨,૬૫૦/- |
| ૬૫૧૯ | મહેન્દ્રભાઈ હિંમતલાલ શાહ (માનવરાહત ફંડ ખાતે) | ૧,૦૦૧/- |
| ૬૪૮૯ | રસિકલાલ કેશવલાલ શાહ (પાળિયાદવાળા) (માનવરાહત ફંડ ખાતે) | ૧,૦૦૦/- |
| ૬૫૦૬ | બિપિનભાઈ નગીનદાસ શાહ (માનવરાહત ફંડ ખાતે) | ૧,૦૦૦/- |
| ૬૫૦૭ | શરદભાઈ નગીનદાસ શાહ (માથકીયા) (માનવરાહત ફંડ ખાતે) | ૧,૦૦૦/- |
| ૬૫૧૨ | મિલનભાઈ નટવરલાલ શાહ (માનવરાહત ફંડ, તબીબી યોજના ખાતે) | ૧,૦૦૦/- |
| ૬૫૧૪ | હેમંતકુમાર રસિકલાલ સંઘવી (માનવરાહત ફંડ ખાતે) જન્મદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે તા. ૧૨-૦૨-૧૯૬૦ | ૧,૦૦૦/- |
| ૬૫૫૪ | ભરતભાઈ બિપિનચંદ્ર ધોળકીયા - અલ્પાબેન ભરતભાઈ ધોળકીયા - સિધ્ધિતપ તથા સપન ભરતભાઈ ધોળકીયા - ૯ ઉપવાસની તપશ્ચર્યા કરેલ નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૧,૦૦૦/- |
| ૬૫૭૧ | બિપિનચંદ્ર નંદલાલ સખીદાસ - સુપુત્ર ચિ. મૌલિક તથા પુત્રવધુ ચિ. રાજવીએ ૮ ઉપવાસની તપશ્ચર્યા કરેલ તે નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૧,૦૦૦/- |
| ૬૪૯૦ | યશવંતભાઈ કેશવલાલ દોશી - જન્મદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે - ૮૦ વર્ષ પુરા થયા તેની ખુશાલી નિમિત્તે (માનવ રાહત ફંડ ખાતે) | ૫૦૧/- |
| ૬૫૦૫ | જીતેન્દ્રભાઈ ગીરધરલાલ શાહ - જન્મદિવસની શુભેચ્છા પેટે - તા. ૦૫-૦૮-૧૯૫૨ (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૬૫૧૧ | પરેશભાઈ મહેન્દ્રભાઈ સંઘવી (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૬૫૫૬ | પંકજભાઈ રસિકલાલ સંઘવી - સુપુત્ર ચિ. કિર્તન તથા પુત્રવધુ ચિ. નિલમ ૮ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૬૫૬૭ | ચંદ્રેશભાઈ મુળચંદભાઈ વેજાણી - ૮ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે - (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૬૫૬૮ | કૃપા ચંદ્રેશભાઈ વેજાણી - ૬ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે - (માનવરાહત ફંડ ખાતે) | ૫૦૦/- |
| ૬૫૦૮ | મુકેશભાઈ કાંતિલાલ સંઘવી - સ્વ. યોગેશ કાંતિલાલ સંઘવી (સાણંદવાળા) અષાઢ માસ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૨૫૦/- |
| ૬૫૦૯ | હર્ષાબેન મુકેશભાઈ સંઘવી - સ્વ. હિરાબેન કાંતિલાલ સંઘવી (સાણંદવાળા) વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૨૫૦/- |
| ૬૫૧૦ | ધીરલ તથા ધવલ સંઘવી - સ્વ. કાંતિલાલ હરખચંદભાઈ સંઘવી (સાણંદવાળા) વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે (માનવરાહત ફંડ ખાતે) | ૨૫૦/- |

## તા. ૦૧-૦૯-૨૦૨૩ થી તા. ૩૦-૦૯-૨૦૨૩ સુધી દાન સિવાયની પહોંચની વિગત

| વિગત | પહોંચ નંબર |
|---|---|
| સમાજ આરસી બાયોડેટા | ૬૫૦૧, ૬૫૩૭, ૬૫૬૯, ૬૫૭૨ |
| સમાજ આરસી શ્રદ્ધાંજલી | ૬૫૭૩ |
| લોન ધિરાણ | ૬૫૫૭, ૬૫૬૨ |
| કેન્સલ | ૬૫૦૦ |
| અન્ય | ૬૪૮૫, ૬૪૮૬, ૬૪૮૭, ૬૪૮૮, ૬૪૯૭, ૬૪૯૮, ૬૫૦૩, ૬૫૦૪, ૬૫૩૩, ૬૫૩૪, ૬૫૩૫, ૬૫૩૬, ૬૫૪૦, ૬૫૪૧, ૬૫૪૨, ૬૫૫૫ |

જે હર ક્ષણે કામમાં રચ્યો પચ્યો રહે છે તેની પાસે
આંસુ સારવાનો સમય હોતો નથી.

# જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

## નવેમ્બર માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | **૧ નવેમ્બર** |
| LJ-89 | શ્રી જયેશકુમાર મનહરલાલ ગાંધી |
| LN-99 | શ્રી નિમિષભાઇ ચીમનલાલ વોરા |
| LP-1 | શ્રી પ્રવિણચંદ્ર વાડીલાલ દોશી |
| LD-105 | શ્રી દિપકકુમાર જયંતિલાલ હકાણી |
| LJ-134 | શ્રી જૈનમભાઈ હરેશકુમાર દોશી |
| | **૨ નવેમ્બર** |
| LJ-40 | શ્રી જગદીશભાઇ ચંદુલાલ શાહ |
| LS-92 | શ્રી સ્મિતભાઈ જનકભાઈ શાહ |
| LM-120 | શ્રીમતી મધુબેન રજનીકાંતભાઈ શાહ |
| LCH-51 | શ્રી ચિરાગભાઈ ચન્દ્રકાન્તભાઈ દોશી |
| LK-153 | શ્રી કૃપેશભાઈ રાજેશભાઈ શાહ |
| | **3 નવેમ્બર** |
| LH-37 | શ્રી હેમંતકુમાર ચંદુલાલ શાહ |
| LV-99 | શ્રી વિરલભાઈ રજનીકાંતભાઈ સંઘવી |
| | **૪ નવેમ્બર** |
| LBH-46 | શ્રી ભરતકુમાર ગુલાબચંદ ગોપાણી |
| LH-45 | શ્રી હિતેન્દ્રભાઇ વાડીલાલ ગાંધી |
| LY-04 | શ્રી યતીનભાઇ હર્ષદભાઇ સંઘવી |
| LJ-99 | શ્રી જીતેન્દ્રભાઇ રતીલાલ શાહ |
| LV-40 | શ્રી વિક્રમભાઈ જયંતિલાલ સંઘવી |
| LA-123 | શ્રી અવનિશભાઈ મુકેશભાઈ શાહ |
| LP-157 | શ્રી પ્રિતેશભાઈ કિરિટભાઈ દોશી |

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | **૫ નવેમ્બર** |
| LDH-20 | શ્રી ધવલભાઈ છબીલદાસ ગાંધી |
| LDH-3 | શ્રી ધીરજલાલ ગીરધરલાલ શાહ |
| LH-19 | શ્રી હિમાંશુભાઈ કાંતીલાલ દોશી |
| LJ-95 | શ્રી જીતેન્દ્રભાઇ સ્વરુપચંદભાઇ સંઘવી |
| LDH-22 | શ્રી ધવલભાઈ ધીરજલાલ શાહ |
| LK-126 | શ્રી કમલેશભાઈ અરવિંદભાઈ દેસાઈ |
| LU-17 | શ્રી ઉન્નીત નિતિનભાઈ શાહ |
| | **૬ નવેમ્બર** |
| LA-63 | શ્રી અશોકકુમાર ધીરજલાલ શાહ |
| LP-63 | શ્રી પ્રજ્ઞેશકુમાર ચમનલાલ દોશી |
| LJ-41 | શ્રી જેઠાલાલ જયંતીલાલ ગાંધી |
| LH-32 | શ્રી હર્ષદભાઇ પ્રવીણચંદ્ર સંઘવી |
| | **૭ નવેમ્બર** |
| LCH-30 | શ્રી ચંદ્રકાન્તભાઇ ત્રિભોવનદાસ સંઘવી |
| LM-11 | શ્રી મુકેશભાઈ પ્રવીણચંદ્ર દોશી |
| LN-97 | શ્રી નૈવીલભાઈ કીરણકુમાર ગાંધી |
| LV-79 | શ્રી વિરલભાઈ જીતેન્દ્રભાઈ શાહ |
| | **૮ નવેમ્બર** |
| LR-47 | શ્રી રજનીકાંતભાઇ ચંદુલાલ સંઘવી |
| LJ-96 | શ્રી જયેશભાઇ સનતકુમાર સંઘવી |
| LM-2 | શ્રી મહેન્દ્રભાઇ કાંતીલાલ શાહ |
| | **૯ નવેમ્બર** |
| LR-42 | શ્રી રાજેશભાઇ પ્રભુદાસભાઇ શાહ |
| LY-22 | શ્રી યશવંતલાલ શાંતિલાલ દોશી |


ધન કરતાં ધર્મ કિંમતી છે, ધન એક ભવ પુરતું છે. ધર્મ તો ભવોભવનો તારક છે, દ્રષ્ટિ બદલાશે, તો દિશા બદલાશે.
PRAVINBHAI J. BARBHAYA : 9427907933
VIRANG : 9825010919 BRIJESH : 9016450264
VIRANG ENTERPRISE
TATA mahindra FORCE EICHER SWARAJ MAZDA
BUS BODY ITEMS & AUTOMOBILE COMPONENTS
STOCKIST IN : ALL AUTOMOBILE FIBER PRODUCTS
SALES OFFICE : 26, Celler, India Estate, B/h. Relief Hotel, Sanand Road, Sarkhej, Ahmedabad. Phone : 079-26891087

SIDDHARTH PRINTERY
• Graphic Designing & Printing
• Acrylic & Signage Board
• Non Woven Bag Printing
SCAN FOR CATALOGUE
09925117710
SCAN FOR PROFILE
LL-13 Harekrishna Complex, Opp. Kothawala Flats, Paldi, Pritamnagar, Ahmedabad-380 006.
siddharthprintery@gmail.com




ડિગ્રીવાળી કેળવણી નહિ કોઠા સૂઝવાળી સમજદારી વધુ કિંમતી છે.

# નવેમ્બર માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| LN-131 | ડૉ. નીરજભાઈ અરવિંદભાઈ કોઠારી |
| LY-21 | શ્રી યોગેશભાઈ વાડીલાલ શાહ |
| | **૧૦ નવેમ્બર** |
| LH-97 | શ્રી હેમાંગભાઈ મુગટલાલ શાહ |
| LP-121 | શ્રી પથિકભાઇ જયસુખલાલ ગોપાણી |
| LJ-143 | શ્રી જીગ્નેશભાઈ કનૈયાલાલ સંઘવી |
| | **૧૧ નવેમ્બર** |
| LCH-22 | શ્રી ચંદ્રકાંતભાઈ હિંમતલાલ શાહ |
| LK-48 | શ્રી કૌશિકભાઇ જયંતીલાલ સખીદાસ |
| LP-11 | શ્રી પ્રવીણચંદ્ર અંબાલાલ સંઘવી |
| LP-19 | શ્રી પ્રવીણચંદ્ર પ્રેમચંદભાઇ શાહ |
| LR-59 | શ્રી રાજેશભાઇ નટવરલાલ શાહ |
| LM-65 | શ્રી મનોજકુમાર ભોગીલાલ સંઘવી |
| LB-33 | શ્રી બાદલભાઇ પ્રમોદભાઇ વોરા |
| LP-160 | શ્રી પિયુષભાઈ દુલેરાય શાહ |
| | **૧૨ નવેમ્બર** |
| LBH-16 | શ્રી ભરતભાઇ અમૃતલાલ શાહ |
| LD-93 | શ્રી દિપકભાઈ મુગટલાલ દોશી |
| LD-50 | શ્રી ડિમ્પલકુમાર કાંતીલાલ કોઠારી |
| LA-6 | શ્રી અશોકકુમાર મોહનલાલ શાહ |
| LS-107 | શ્રી સૂર્યકાન્તભાઈ ધરમશીભાઈ સંઘવી |
| | **૧૩ નવેમ્બર** |
| LD-69 | શ્રી દેવેનભાઈ રસિકલાલ વેજાણી |
| LA-83 | ડૉ. અંકુરભાઇ અરુણભાઇ કોઠારી |
| LJ-9 | શ્રી જીતેન્દ્રભાઇ કાંતીલાલ શાહ |
| | **૧૪ નવેમ્બર** |
| LU-2 | શ્રી ઉમેશભાઇ નગીનદાસ દોશી |
| LA-139 | શ્રી અર્પિતભાઈ નરેન્દ્રભાઈ દોશી |
| LR-52 | શ્રી રમેશભાઇ ટપુભાઇ દેસાઇ |
| LR-75 | શ્રી રાજેશકુમાર બાબુલાલ શાહ |
| LS-73 | શ્રી સુનીલભાઇ શાંતીલાલ શાહ |
| LM-117 | શ્રી મુકેશભાઈ બાબુલાલ શાહ |
| | **૧૫ નવેમ્બર** |
| LJ-87 | શ્રી જીગ્નેશભાઈ હિમ્મતલાલ શાહ |
| LBH-91 | શ્રી ભાવિકભાઈ રમણલાલ વસાણી |
| | **૧૬ નવેમ્બર** |
| LN-35 | શ્રી નવલચંદ્ર નાગરદાસ સંઘવી |
| LH-63 | શ્રી હિતેશભાઇ પ્રમોદકુમાર સંઘવી |
| LH-76 | શ્રી હેમલભાઈ પ્રવીણચંદ્ર શાહ |

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| LN-46 | શ્રી નિતિનભાઈ મુગટલાલ દોશી |
| LJ-137 | શ્રી જીગરભાઈ વસંતભાઈ શાહ |
| LJ-138 | શ્રી જસ્મીનભાઈ વસંતભાઈ શાહ |
| LD-102 | શ્રી દિપકભાઈ રસિકલાલ ગોપાણી |
| LN-130 | શ્રી નવિનચંદ્ર ભુપતલાલ ગાંધી |
| LS-125 | શ્રી સંજયભાઈ જયંતિલાલ કોઠારી |
| | **૧૭ નવેમ્બર** |
| LD-63 | શ્રી દર્શનભાઈ નવનીતભાઇ શાહ |
| LS-38 | શ્રી સુધીરચંદ્ર ચંદુલાલ વસાણી |
| LD-35 | શ્રી દીલીપકુમાર જેઠાલાલ શાહ |
| LN-59 | શ્રી નિલેશકુમાર નંદલાલ સખીદાસ |
| LG-28 | શ્રી ગૌરાંગભાઈ જસવંતલાલ શાહ |
| | **૧૮ નવેમ્બર** |
| LN-68 | શ્રી નયનાબેન નિરંજનભાઇ ગોપાણી |
| LSH-21 | શ્રી શૈલેષભાઈ જયંતીલાલ શાહ |
| LT-6 | શ્રી તુષારભાઇ જયંતીલાલ શાહ |
| LU-4 | શ્રી ઉસીતભાઈ જયસુખભાઇ ગોપાણી |
| LK-62 | શ્રી કેતનભાઇ જયંતીલાલ સંઘવી |
| LR-148 | શ્રી રશ્મિભાઈ કનૈયાલાલ શાહ |
| LCHH-8 | શ્રી છબીલદાસ ચીમનલાલ શાહ |
| LD-13 | શ્રી દિનેશભાઈ દલસુખભાઈ સંઘવી |
| | **૨૦ નવેમ્બર** |
| LM-90 | શ્રી મિતુલભાઇ ચુનીલાલ દોશી |
| LN-30 | શ્રી નિરંજનભાઇ ચુનીલાલ ગોપાણી |
| LP-28 | શ્રી પ્રદીપભાઇ રમણલાલ સંઘવી |
| LJ-33 | શ્રી જીતેન્દ્રભાઇ હિંમતલાલ શાહ |
| LBH-75 | શ્રી ભદ્રેશભાઈ પુનમચંદ શાહ |
| | **૨૧ નવેમ્બર** |
| LDH-19 | શ્રી ધર્મેશભાઈ પ્રવીણભાઇ સંઘવી |
| LJ-53 | શ્રી જનકભાઈ રસીકલાલ સંઘવી |
| LP-142 | શ્રી પ્રકાશકુમાર રમેશચંદ્ર દોશી |
| | **૨૨ નવેમ્બર** |
| LDH-18 | શ્રી ધીરજલાલ કાંતીલાલ શાહ |
| LN-18 | શ્રી નરેશકુમાર ચુનીલાલ શાહ |
| LD-83 | શ્રી દીપકભાઇ રમણલાલ શાહ |
| LN-133 | શ્રી નરેન્દ્રભાઈ મહાસુખલાલ ગાંધી |
| | **૨૩ નવેમ્બર** |
| LM-38 | શ્રી મહેન્દ્રકુમાર હરગોવિંદભાઇ બારભાયા |
| LM-106 | શ્રી મહેશભાઇ ચીમનલાલ સંઘવી |




સ્વતંત્રતા અને મોક્ષ પ્રાપ્ત ન કરાવે
એ શિક્ષણને ધિક્કાર છે.

## નવેમ્બર માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| LN-138 | શ્રી નિરવભાઈ ઈન્દ્રકાંત શાહ |
| LM-139 | શ્રી મનનભાઈ સંજયકુમાર શાહ |
| | **૨૪ નવેમ્બર** |
| LN-56 | શ્રી નરેન્દ્રકુમાર અમૃતલાલ હકાણી |
| | |
| LN-108 | શ્રી નિરવભાઈ જગદીશભાઈ શાહ |
| | **૨૫ નવેમ્બર** |
| LG-4 | શ્રી ગીરીશભાઇ રતીલાલ દોશી |
| LH-15 | શ્રી હસમુખલાલ હરીલાલ સંઘવી |
| LM-48 | શ્રી મહેન્દ્રકુમાર કેશવલાલ દોશી |
| | **૨૬ નવેમ્બર** |
| LB-25 | શ્રી બિપિનભાઈ પ્રેમચંદભાઈ શાહ |
| LV-28 | શ્રી વિક્રમકુમાર જયંતીલાલ શાહ |
| LS-52 | શ્રી સુનીલભાઇ કાંતીલાલ શાહ |
| LBH-27 | શ્રી ભારતેશભાઈ લક્ષ્મીચંદભાઇ સંઘવી |
| LH-26 | શ્રી હેમલભાઈ દુર્લભદાસ શાહ |
| LBH-90 | શ્રી ભાવિકભાઈ રાજેન્દ્રભાઈ ગાંધી |
| | **૨૭ નવેમ્બર** |
| LV-20 | શ્રી વિનયચંદ્ર હરગોવિંદદાસ સલોત |
| LV-62 | શ્રી વિજયભાઇ કેશવલાલ સંઘવી |
| | **૨૮ નવેમ્બર** |
| LJ-13 | શ્રી જસવંતરાય શીવલાલ ગોપાણી |
| LA-105 | શ્રી અશ્વીનભાઇ જયંતીલાલ ગોપાણી |
| | **૨૯ નવેમ્બર** |
| LV-56 | શ્રી વિરેનકુમાર ધીરજલાલ સંઘવી |
| LV-76 | શ્રી વિરેન્દ્રભાઈ બાબુભાઈ સંઘવી |
| LB-15 | શ્રી બીપીનચંદ્ર ચુનીલાલ ગોપાણી |
| LN-3 | શ્રી નવીનચંદ્ર શાંતીલાલ શાહ |
| LA-67 | શ્રી અરવિંદકુમાર ભુરાલાલ કોઠારી |
| LBH-28 | શ્રી ભુપેન્દ્રભાઇ વ્રજલાલ શાહ |
| LA-127 | શ્રી અરૂણાબેન મહેન્દ્રભાઈ શાહ |
| LN-127 | શ્રી નિલેષભાઈ કિર્તિકાન્તભાઈ શાહ |
| LCH-53 | શ્રી ચિરાગભાઈ મનહરલાલ શાહ |
| | **૩૦ નવેમ્બર** |
| LN-47 | શ્રી નરેન્દ્રકુમાર સાંપ્રીતલાલ શાહ |
| LK-112 | શ્રી કિરણભાઇ ઘનશ્યામભાઇ વોરા |
| LK-40 | શ્રી કાંતિલાલ ધીરજલાલ ગાંધી |
| LN-111 | શ્રી નિરવભાઈ નવીનચંદ્ર દોશી |
| LD-98 | શ્રી દિલેશભાઈ વિનુભાઈ સંઘવી |
| LB-36 | શ્રી બિનોયભાઈ રાજનભાઈ શાહ |
| LCH-56 | શ્રી ચિરાગભાઈ બિપિનભાઈ સંઘવી |

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી સ્મરણાંજલી

: જન્મ :
તા. ૧૨-૧૦-૧૯૪૮



: અરિહંતશરણ :
તા. ૨૪-૧૦-૨૦૨૨

### હૃદયસ્થ શ્રી સૂર્યકાન્તભાઈ બાબુલાલ શાહ (દેદાદરાવાળા)

"સુખમાં કર્યા સૌને ભાગીદાર, દુઃખમાં જણાવ્યું નહીં !
વ્યવહાર કદી ચૂક્યાં નહીં, ધર્મ કદી ભૂલ્યાં નહીં.

જીવન એવું જીવ્યા કે સૌના હૈયે વસી ગયા,
પરિવાર માટે ફૂલોની ચાદર બિછાવી ગયા,
સ્વજનો - મિત્રો કાજે આખું જીવન જીવી ગયા.

**:: સદેવ આપના ઋણી ::**

**પ્રજ્ઞાબેન સૂર્યકાન્તભાઈ શાહ**

**રૂપેશ - હીના - નિસર્ગ**

**તેજસ - નેહલ - પાર્શ્વ**



માહિતી મગજમાં ભરવી એનું નામ વિદ્યા નથી, મેળવેલ જ્ઞાનને જીવનમાં ઉતારવાથી સાચી વિદ્યા પ્રાપ્ત થાય છે.

# SOCIAL MEDIA SAFETY TIPS - પ્રોગ્રામ-૧ નો અહેવાલ




જય જિનેન્દ્ર સાથે જણાવાનું કે તા.૨૩ સપ્ટેમ્બર,૨૦૨૩ ને શનિવાર બપોરે સમય ૨-૦૦ થી ૪-૦૦ વાગ્યે એક ખુબ જ નોલેજેબલ અને માહિતીપ્રદ પ્રોગ્રામ લેડીઝ ગ્રુપ આયોજિત સમાજના એક્ટીવીટી સેન્ટર 'શાન્તમ' પર યોજાઈ ગયો. આ પ્રોગ્રામ હતો 'SOCIAL MEDIA SAFETY TIPS' જેના વક્તા શ્રી હિતેષભાઇ પી. સંઘવી તેમનો પરિચય ડિમ્પલબેને ટૂંકમાં સરસ આપ્યો હતો. શ્રી હિતેષભાઇ સંઘવી જે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, ગાંધીનગરના ડાયરેક્ટર છે. તેઓનું મોમેન્ટો આપી દેવયાનીબેને સ્વાગત કર્યું હતું. અને તેમના સાથી શ્રી ખુંશક ગોહિલને મોમેન્ટો આપી રાખીબેને સ્વાગત કર્યું હતું. તેમની સાથે આવેલ ટીમનું વેલકમ કર્યું હતું.

શ્રી નિલેશભાઈના પ્રમુખ પદ પર આવ્યા પછી લેડીઝ ગ્રુપનો આ પ્રથમ પ્રોગ્રામ હતો જે આપણા સમાજની ગૃહણીઓ અને ટીનએજ દીકરીઓના અવેરનેસ માટે ફ્રી રાખવામાં આવ્યો હતો. અત્યારની યુવા જનરેશન દીકરી-દીકરાઓ અને એમાંય ખાસ કરીને લેડીઝને સેલ્ફીનો બહુ ક્રેઝ હોય છે. ક્યાંય પણ જાય કોઈ લગ્ન પ્રસંગ કે કોઈ પાર્ટીમાં જાય તો તૈયાર થઈને તરત જ સેલ્ફી લઈને સોશિયલ મીડિયા ઉપર અપલોડ કરી દે છે, તો ક્યારેક આનું કેવું ભયંકર પરિણામ આવી શકે છે તેનો લાઈવ ડેમો સાથે શ્રી હિતેષભાઇ સંઘવીએ ખુબ સરસ રીતે સમજાવ્યું. તેમના મુજબ આજકાલ સાઇબર ક્રાઇમ ખુબ જ વધી ગયા છે, લગભગ રોજના ૨૫૦૦ કેસ આવે છે. માટે સોશિયલ મીડીયા ઉપર બને ત્યાં સુધી તમારા ફોટો, તમારા વર્ક વિષેની માહિતી અપલોડ ના કરશો ફેસબૂક, ઇન્સ્ટાગ્રામ, સ્નેપચેટ જેવી એપ લોક રાખો, બને ત્યાં સુધી એનો ઉપયોગ જરૂર પૂરતો કરો. સાયબર ક્રાઇમ માટે મુખ્ય ત્રણ પરિબળ જવાબદાર છે. ડર, લાલચ, અને આળસ.

આજકાલ ફોન પર લગભગ બધાને ઇન્સ્ટન્ટ લોન માટે, કે પછી તમે લકી વિનર બન્યા છે એવા કોલ્સ બહુ જ આવતા હોય છે જે એક પ્રકારનો સાઇબર ક્રાઇમ છે તો આવા ક્રાઇમ થી આપણને આર્થિક નુકશાન ખુબ જ થાય છે. આવા બધા સ્કેમથી બચવા માટે તમારી માહિતી શેર ના કરો તમારા મોબાઈલમાં આવેલ કોઈપણ જાતની લિંક ઉપર ક્લિક ન કરો કે કોઈપણ જાતનો મોબાઇલ પર આવેલ OTP પણ કોઈ અજાણી વ્યક્તિ જોડે શેર ન કરવો જોઈએ. અત્યારે QR કોડ સ્કેન કરીને પેમેન્ટ કરતી વખતે સાવચેતી રાખો. FREE કે OPEN WIFI માં કયારેય ફાઇનલ ટ્રાંજેકશન ના કરવું જોઈએ.

આજકાલ બધું જ ONLINE મળવા લાગ્યું છે તો આ વસ્તુ ખરીદવા માટે પણ આપણું એકાઉન્ટ બનવાનું હોય છે જેમાં આપણી પર્સનલ ડિટેલ્સ શેર કરવી પડે છે એટલે આ ડેટાનો પણ ખુબ મોટો બિઝનેસ ચાલે છે, તેવી કોઈ ખબર આપણે લોકોને હોતી નથી માટે ખરીદી માટે બીજો એક મોબાઇલ નંબરને વાપરવાનો આગ્રહ રાખો જેમાં આપણા પર્સનલ નંબર કોઈ જ ડેટા ના હોય આપણી ભરોસાપાત્રએ હોય તેવી જ વેબસાઈટ કે એપ પરથી જ ખરીદી કરવાનું રાખો.

શ્રી હિતેશભાઈ જણાવ્યું કે તમારો મોબાઇલ ક્યારેય પણ રીપેરીંગમાં આપો તો તમારા જાણીતા ને જ આપો બને ત્યાં સુધી તમારી સામે જ મોબાઇલ રીપેર કરવા આપવા અથવા આપવો જ પડે તેમ હોય તો પેહલા મોબાઇલ ફોન ફોર્મેટ કરવાની ટેવ પાડો. જેથી તમારી માહિતી કે તમારો પર્સનલી ડેટા બીજા કોઈને ના જાય. શ્રી હિતેષભાઇના ફ્રેન્ડ શ્રી ખુંશકને લઈને આવ્યા હતા જેમને તમારા ફોનનો પાસવર્ડ, બેંકનો પાસવર્ડ, ઇમેઇલ પાસવર્ડ આવા અનેક આઈડી પાસવર્ડ સમય જતા બદલવાનું રાખો તેમ જણાવેલ. શ્રી હિતેષભાઇ અને તેમની સાથે આવેલી ટીમે દરેકને પર્સનલી મોબાઇલ ફોનમાં સમજાવ્યું હતું. આ અહેવાલ તો માત્ર એક ઝલક છે બાકી પ્રોગ્રામમાં તો ઘણી બધી ઉપયોગી માહિતી આપી હતી. જે લોકો આ પ્રોગ્રામમાં હાજર નથી રહી શક્યા એમને ઘણું ગુમાવ્યું એમ કહી શકાય. આપણા સમાજમાં આવા પ્રોગ્રામ થતા જ હોય છે તો આવા સામાજીક પોગ્રામમાં અવેરનેસ લાવવાની જરૂર છે. આવા સમાજના હિત લગતા પ્રોગ્રામો ક્યાંય તમને જોવા મળશે નહિ. બને ત્યાં સુધી આવા સામાજિક પ્રોગ્રામમાં ભાગ લેવાનું રાખો બધાને આ પ્રોગ્રામ ખુબ જ ગમ્યો અને આવા પ્રોગ્રામ આખા સમાજના માટે રાખો અને અંતમાં બધા અલ્પાહાર કરીને સૌ કોઈ છુટા પડ્યા.

**પ્રેષક : મીતા વાય. સંઘવી**









ભણેલાઓ બીજાના દોષો જુએ છે,
જ્યારે કેળવાયેલા પોતાના દોષ જુએ છે.

# SOCIAL MEDIA SAFETY TIPS ના પ્રવચનના અભિપ્રાય



- બહુ સરસ પ્રોગ્રામ હતો. આવું મારી સાથે પણ બન્યું છે કે આવા મેસેજ આવ્યા હોય અને હુ ડિલિટ કરતી હતી. આજે સમજી ને બહુ ગમ્યુ. - જ્યોતિબેન પી. સંઘવી
- ખાલી ડિગ્રી ભણવા ની લેવાથી આવું નોલેજ ના મળે. રોજબરોજની લાઇફમાં બધા સાથે આવા કેટલા ફ્રોર્ડ થતા હોય છે. આ પ્રોગ્રામ ખુબજ સરસ હતો. આવી ઘર-ઘર સુધી પહોંચાડો. ખાસ કરી ને દીકરી ઓને અને ટીનએજના બાળકોને. - વિધિ જસ્મીનભાઈ દોશી.
- સોશિયલ મીડિયાના વધતા જતા ક્રેઝમાં શું Obstacles છે. તેની જાણકારી મળી, ખુબ જ સરસ ઇવેન્ટ રહી. ટાઇમિંગ પ્રોપર ન હતો. કદાચ પર્યુષણ પછી તરત જ તેથી Response ઓછો મળ્યો, I think so ટીએજર્સ માટે આવા પ્રોગ્રામ ફરી કરવા જોઈએ.- મોનાલી હિરેન વસાણી
- આવા કાર્યક્રમ અવારનવાર થવા જરૂરી છે. બાળકોમાં પણ સોશિયલ મીડિયાનો ક્રેઝ વધતો જાય છે ત્યારે તેની Second side તેઓ પણ સમજે તે જરૂરી છે. Overall પ્રોગ્રામ ખુબ જ સરસ હતો, ટીએજર્સ નો આ પ્રોગ્રામ હતો પણ તે લોકો Attract થાય અને આવે તેવા પ્રયત્ન કરવા જોઈએ. - અમી ભાવિક વસાણી
- બહુ જ સરળ અને સારી રીતે સમજ આપી. સોશિયલ મીડિયાના ઉપયોગ કરવા માટેની ઘણી બધી માહિતી આપી જે બાબત અમને ખબર જ ના હતી, શ્રી હિતેષભાઇ અને તેમની ટિમ નો આભાર.- છાયા ભાવસાર
- અત્યાર સુધીના પ્રોગ્રામમાં આ સૌથી Best પ્રોગ્રામ. સાઇબર ક્રાઇમ અને તેનાથી બચવાના, સાવચેતીના ઉપાયો બહુ જ સરસ રીતે સમજાવ્યું. આવા પ્રોગ્રામ મિસ કર્યા તેમને અફસોસ થશે. આવા સામાજિક પ્રોગ્રામ કરતા રહેજો. - હેમાલી ભાવેશકુમાર ગાંધી
- અત્યારે આ સોશિયલ મીડિયાના જમાનામાં જે સાવચેતી રાખવાની છે તે આ પ્રોગ્રામથી જાણવા મળી. સમાજનો ખુબ આભાર આવા પ્રોગ્રામ રાખવાથી ઘણા બધા લોકો સંકટમાંથી બચી શકે છે. - એકતા દિગંતકુમાર શાહ
- ખુબ જ સરસ પ્રોગ્રામ હતો. ખુબ જ ઉપયોગી અને જાણવા લાયક પ્રોગ્રામ હતો. - કાજલ જે.સંઘવી
- ખુબ જ સરસ અને જાણવા જેવો પ્રોગ્રામ હતો. મોબાઈલનો ઉપયોગ કેવી રીતે કરવો અને તેનાથી થતી મુસીબતોમાંથી કેવી રીતે બચી શકાય. ખુબ જ સુંદર પ્રોગ્રામ. - નિકિતા પી.વોરા
- આજનો પ્રોગ્રામ ખુબ સરસ હતો પરંતુ આ પ્રોગ્રામ ફરી રાખવો.જે ટીનએજરના દીકરાઓ માટે ખાસ રાખવો એવી આગ્રહ છે. - નેહા ઋષભ સંઘવી
- Too Good, Very Informative Session. Nicely Explanined to Routine all Requirements, Superb. – Neela Sanghvi
- Good Programme. – Aarti A.Sanghvi
- Excellent Programme – Shah Pina H.
- Very Very Good Programme. - Shah Renna V.
- The Seminar was very informativ and got to know very instresting facts abouts Cyber Crime. Looking forward for many such seminars. - Ushma Sanghvi
- Very Interesting Workshop, organize such this type of workshop at daily basia. – DHWANI HAKANI.
- ખુબ જ સુંદર પ્રોગ્રામ હતો.શ્રી હિતેષભાઇ અને તેમના સાથે આવેલા શ્રી ખુંશક ખુબ જ સુંદર રીતે બધી મોબાઈલ એપ્સ, સાઇબર ક્રાઇમ વિશે પ્રેક્ટિલ સાથે ઉદાહરણ સાથે વીડીઓ દ્વારા સરસ સમજણ પુરી પાડી. આવા નોલેજેબલ પ્રોગ્રામ રાખવા જોઈએ. - રાખી સંઘવી
- પ્રોગ્રામ ખુબજ સરસ રહ્યો હૈ આ પ્રોગ્રામ ટીનેજર દીકરાઓ માટે રાખવા વિનતી છે. - ચૈતાલી ડી.સંઘવી.
- શ્રી હિતેષભાઇ સંઘવીએ સોશિયલ મીડિયા વિશે સાંભળીને ઘણું બધું જાણવા મળ્યું છે. જે આપણા જીવનમાં ખુબ જ ઉપયોગી છે. સમાજ બસ આવા પ્રોગ્રામ રાખજો જે આપણને જાણવા મળે. - હેમાલી આર.સખીદાસ
- ખુબજ સરસ પ્રોગ્રામ હતો. નવી ટેકનોલોજી વિષે જાણવા મળ્યું. જે ખુબ ઉપયોગી છે. આવા પ્રોગ્રામ રાખવા વિનતી. - રૂપાલ બી.ગાંધી
- આ પ્રોગ્રામ ખુબ જ સુંદર હતો. અત્યારે સોશિયલ મીડિયા વિશે જાણવું ખુબ જ જરૂરી. ખાલી ખાલી ફોન લઈને બેસવાથી એમાં આપણે ઘણું બધું જાહેર કરી દઈએ છીએ, જેનાથી ઘણા બધા ક્રાઇમ થઈ શકે છે. એટલે આ પ્રોગ્રામ માં ફોનનો સાચો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણવા મળ્યું. - બિનિતા બી.કોઠારી



- ધાર્યા કરતા ખુબ જ સરસ પ્રોગ્રામ હતો. ઘણું બધું જાણવા મળ્યું. અમે મોબાઈલ વિશે જે જાણતા ના હતા અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે ખુબ જ સરસ રીતે સમજાવ્યું. - મનીષા એમ.ગાંધી
- મોબાઇલ વિશે ખુબ જ સુંદર જાણકારી મળી. મોબાઇલમાં આવતા મેસેજ કે કોઈ લિંક ઉપર ક્લીક ના કરો, 'મુહ પે તાલા' રાખો આ જાણવા જેવું છે. - ભાવિકા આર.શાહ
- Good Knowledge massage, Mobil & Internet વિશે ઘણી માહિતી મળી.જે આપણા જીવનમાં ઘણું જરૂરી છે. - તેજલ સૌરીનભાઈ સંઘવી



અજ્ઞાનતાપૂર્વકની બાદશાહી કરતાં
જ્ઞાનપૂર્વકની નિર્ધનતા ચઢિયાતી છે.

# નવેમ્બર માસમાં આવતી લગ્નતારીખની શુભેચ્છાઓ

| સભ્ય નં. | સભ્યનું નામ |
|---|---|
| | **૧ નવેમ્બર** |
| LA-02 | શ્રી અજયકુમાર છબીલદાસ શાહ |
| | શ્રીમતી અમીતાબેન અજયકુમાર શાહ |
| LN-104 | શ્રી નિતિનભાઈ ભોગીલાલ સંઘવી |
| | શ્રીમતી અમિષાબેન નિતિનભાઈ સંઘવી |
| LA-143 | શ્રી આશિષભાઈ સુબોધભાઈ દોશી |
| | શ્રીમતી ધારાબેન આશિષભાઈ દોશી |
